ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

ધર્માન્તરણ મુદ્દે સરકારના ગળામાં ગાળિયો

જયારે આગરામાં કેટલાક મુસ્લિમ પરિવારોને ફોસલાવી પટાવીને 'હિંદુ' બનાવાયા છે ત્યારથી ધર્માન્તરણનો મુદ્દો સંસદભવનમાં વિપક્ષના હાથનું હથિયાર બનીને ઊછળતો રહ્યો છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી ઉપરાંત ડાબેરીઓ માટે શિયાળુ સત્રમાં સરકારને ભિડાવવા માટે આ હાથવગું હથિયાર સાબિત થયેલ છે. વિશ્વ હિંદુ પરિષદના નેતાો, સાધુ સમાજના અગ્રણીઓ, બજરંગ દળ કે ધર્મ જાગરણ મંચ જેવી સંસ્થાઓનું મૂળ ગોત્ર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ છે. આ રાષ્ટ્રીય સંગઠન શરૂથી જ 'હિંદુ રાષ્ટ્ર' નું હિમાયતી રહ્યું છે. હિંદુ અસ્મિતાના નામે જ ભારતીય જનતા પાર્ટી અને શિવસેના જેવા રાજકીય પક્ષોને બહુમતી પ્રજાનું સમર્થન પણ સાંપડ્યું છે. ગુજરાત તો 'હિંદુત્વ'ની લેબોરેટરી સમું જ બની રહ્યું છે. આજે હિંદુત્વના પાયા ઉપર જ ગુજરાતની ભાજપ સરકાર અને કેન્દ્રની એનડીએ સરકાર ટકેલી છે. જ્ઞાતિવાદ અને પ્રદેશવાદથી ઉફરા ઊઠી મતદાતાઓએ કયારેક અયોધ્યાના રામમંદિરના મુદ્દે તો કયારેક ગંગા કે ગાયના નામ પર હિંદુત્વવાદી પાર્ટી તરીકે ભાજપના ઉમેદવારોને ઊંચક્યા છે. નરેન્દ્ર મોદી પાર્ટીથી પણ ઊંચા સ્થાને પહોંચી ગયા છતાં આ પાયાને ભૂલી શકે તેમ નથી. તેથી જયારે જયારે વિપક્ષે જોરશોરથી સદનમાં ધર્માન્તરણ જેવા ગંભીર મુદ્દે નિવેદન કરવાની માગણી કરી છે ત્યારે તેઓ સિફતપૂર્વક છટકતા રહ્યા છે. એમને બદલે લોકસભામાં સંસદીય કાર્ય મંત્રી વેંકૈયા નાયડુ અને રાજયસભામાં મુખ્તાર અબ્બાસ નકવી જ જવાબો આપતાં રહ્યા છે. વિપક્ષ સંસદમાં નોટિસ આપીને આ મુદ્દે ચર્ચા માગે તોતે આપવાની સરકાર પક્ષની તૈયારી હોવાનું અને ધર્માંતરણ રોકવા જરૂરી એવો કડક કાયદો બનાવવાની પણ સરકારની તૈયારી છે. ભાજપનું નેતૃત્વ સુપુરે સમજે છે કે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા વર્ષોથી સતત કરાવાતું રહેલું ધર્માંતરણ કોંગ્રેસની રહેમનજર હેઠળ ધાર્મિકત સ્વાતંત્ર્યના ઓઠા હેઠળ થતું રહ્યું છે. તેથી કોંગ્રેસ કે ડાબેરીઓ અથવા હિંદુ સ્પૃશ્યતોને ધર્માંતરણ કરાવી બૌદ્ધ બનાવતાં આંબેડકરવાદીઓ આવી ચર્ચા માટે કે ધર્માંતરણ રોકવા માટે કડક કાયદા માટે તૈયારી નહીં દર્શાવે. જો કે વિશ્વસ્તરે નરેન્દ્ર મોદીની ઇમેજ વિકાસપુરૂષ કરતાં સવિશેષ 'હિંદુ હૃદય સમ્રાટ' તરીકેની છે. હવે જયારે એમના જ પગ નીચે રેલો આવી ગયો છે. ત્યારે એમને બેઉ દિશાઓથી હુમલાનો ભોગ બનવું પડે એવી સ્થિતિ સરજાવા પામી છે. વિશ્વ હિંદુ પરિષદના ડો. પ્રવીણ તોગડિયા અને અશોક સિંઘલ જેવા વરિષ્ઠ નેતાઓ કોઇ પણ ભોગે આ 'ઘર વાપસી'ના કાર્યક્રમો આગળ ધપાવી ધર્માંતરણનું એક ફિક્સ્ડ લક્ષ્યાંક પાર પાડવા માંડે છે. તદુપરાંત એમણે અયોધ્યામાં બાબરી મસ્જિદ હતી ત્યાં જ ભવ્ય રામમંદિર બાંધવાનો દૃઢ સંકલ્પ દોહરાવ્યો છે. મોદી માટે એમના જ કુળ અને મૂળ તરફથી સરકાર પર થઇ રહેલ હુમલો ખાળવાનું કામ ઘણું અઘરું છે. એક તરફ તેઓ એમની સર્વધર્મ સમભાવથી પંથનિરપેક્ષ છબી જાળવીને દેશને વિકાસના પંથે આગળ વધારવા કૃતસંકલ્પ છે, બીજી તરફ પોતીકાઓની 'મંદિર વહીં બનાયેંગે' જેવી માગણી તેમજ 'ઘરવાપસી' જેવા કાર્યક્રમોને રોકી શકે એમ નથી. મોદીને યોગી આદિત્યનાથ જેવા સાધુ સાંસદ અને સાધ્વી નિરંજન જયોતિ જેવા મંત્રી ડગલે ને પગલે અડચણો ઊભી કરતાં લાગે છે. તેથી શીતકાલીન સત્ર પૂરતા આવા કાર્યક્રમો પર તેઓએ જરૂર બ્રેક લગાવડાવી છે, પરંતુ 'બકરે કી માં કબ તક ખૈર મનાયેગી?'

દિલ્હી પબ્લિક સ્કૂલના વાર્ષિકોત્સવમાં રાજ્યપાલ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના અડાલજ પાસે આવેલ દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે વાર્ષિકોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ વાર્ષિકોત્સવમાં મંગલદીપ પ્રગટાવી રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલીએ વિદ્યાર્થીઓનો સર્વાગીણ અને બહુમુખી વિકાસ એજ વિદ્યાલયોનું લક્ષ્ય હોવું જોઈએ તેમજ ધરતી, જળ, અગ્નિ,વાયુ અને આકાશ એમ પાંચેય તત્વોનું સંતુલન જાળવવુ એ સમયની માંગ હોવાનું જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને માત્ર સાક્ષર જ નહી પરંતુ જવાબદારી વહન કરવા સક્ષમ, જવાબદાર, નિષ્ઠાવાન અને પર્યાવરણ પ્રતિ સંવેદનશીલ બનાવા તેજ સાચુ શિક્ષણ હોવાનું જણાવ્યુંહતું. આ કાર્યક્રમમાં રમતગમત ક્ષેત્રે સ્કૂલના ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને રાજ્યપાલના હસ્તે એવોર્ડ આપી સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં 'ગ્રો ગ્રીન-સંઘ-લાઈફ-એવ અર્થ' વિષય પર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા. તેમજ આ પ્રસંગે સંસ્થાના વાઈસ ચેરમેન રમેશ ગોયેન્કા અને અપૂર્વ ગોયેન્કા પણ ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ...

સાહેબ કવિ છું, છ મહિનાથી પેટ સાફ નથી આવતું એટલે ડોક્ટરે પ્રિસ્ક્રીપ્શનમાં આપનું નામ લખ્યું... કહ્યું કે આપ એક બે કવિતા છાપીને ઋણ આપો તેમાંથી પહેલા કાંઇક ખાઈ લેવું... !!

પાટીદાર એકતા પર્વ લવ-કુશ મહાસંમેલનમાં મુખ્યમંત્રી આનંદીબેન ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૯

પાટીદાર પરિવાર ટ્રસ્ટ દ્વારા સરખેજ ગાંધીનગર હાઈવે પર આવેલ ભાગવત સોલા વિદ્યાપીઠ ખાતે પાટીદાર એકાત્મક પર્વ 'લવ-કુશ મહાસંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલન તા. ૨૮મી ડિસેમ્બર રવિવારે સવારે ૯.૩૦ કલાકે યોજાશે. જેમાં રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સમારંભનું ઉદ્ઘાટન કરશે.

આ સંમેલનમાં હરિદ્વારના સ્વામી સત્યમિત્રાનંદગિરિ, પીરાણાના નાનકદાસ મહારાજ, જામનગરના મહંત દેવપ્રસાદ તેમજ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા, આયોજન પંચના ઉપાધ્યક્ષ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નરહરી અમીન સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ સંમેલનમાં લવ-કુશ પાટીદાર એકતાના પ્રણેતા પ્રિ. ભીખુભાઈ એલ. પટેલે સમગ્ર કારકિર્દીનો ચિતાર આપતા ગ્રંથ સમાજ પુરૂષ પ્રિ. ભીખુભાઈ પટેલનું લોકાર્પણ કરાશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પાટીદાર પરિવારો ઉમટી પડશે.

નવનીત જ્ઞાનોત્સવ જ્ઞાનનો ભંડાર હમણાં આપણા શહેરમાં

ગાંધીનગર, તા. ૧૯

શૈક્ષણિક પ્રકાશનના ક્ષેત્રમાં નવનીતે ઉત્કૃષ્ટ કીર્તિમાન સ્થાપિત કર્યું છે. તે તદ્દન સત્ય છે. એટલું જ નહી નવનીતે શૈક્ષણિક પુસ્તકોના પ્રકાશનની સાથે જ સારી ગુણવત્તાવાળી, જ્ઞાનવર્ધક અને ઉત્કૃષ્ટ શ્રેણી તથા માહિતી મળી રહે તે હેતુથી બાળકો માટે ઉપયોગી બાળવાર્તાઓ, સ્કૂલ ઉપયોગી સ્ટેશનરીની તમામ શ્રેણી, વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન તેમજ કમ્પ્યૂટર સંબંધિત પુસ્તકો તથા વડીલો તેમજ સ્ત્રીઓ માટેનાં ઘણાં બધાં પુસ્તકો પ્રકાશિત કર્યા છે.

સમગ્ર ગુજરાતમાં દરેક વિદ્યાર્થી, વાલી અને શિક્ષક નવનીતના જ્ઞાનના આ ખજાનાને જોઈ શકે,લાભ લઈ શકે અને માણી શકે તે માટે કચ્છ, ખેડા તથા ઉ. ગુજરાતમાં ૧૬ સ્થળોએ નવનીત જ્ઞાનોત્સવનું (પુસ્તક પ્રદર્શન-વેચાણ) આયોજન કરવામાં આવ્યું છે. આ જ્ઞાનોત્સવ ૧૯, ૨૦ અને ૨૧ ડિસેમ્બર ૨૦૧૪ દરમિયાન (સવારે ૧૦.૦૦ થી રાત્રે ૯.૦૦) યોજવામાં આવ્યો છે.

નવનીત એજ્યુકેશન લિ.ના ડાયરેક્ટર શ્રી શાંતિભાઈ ગાલાનું માનવું છે કે બાળકો આપણા સમાજનું ભવિષ્ય છે. ભારતીય સંસ્કૃતિથી પરિચિત કરાવવા માટે તેમને સારૂ વાંચન મળે તે ખૂબ જરૂરી છે. તેથી બાળકો માટે વિશિષ્ટરૂપે બાળવાર્તાઓ, મહાભારત, રામાયણ જેવાં પુસ્તકો તૈયાર કરવામાં આવ્યા છે. ઉપરાંત આ જ્ઞાનોત્સવ દરમિયાન સ્ટેશનરીના અદ્‌ભૂત ખજાનામાંથી નોટબુક, ડ્રોઈંગબુક, આન્સર બુક, એક્ઝામ બોર્ડ, કમ્પ્યૂટર સ્ટેશનરી જોવાનો તથા ખરીદવાનો લાભ મળશે.

નવનીતની તમામ શ્રેણીનાં પુસ્તકો વધારેમાં વધારે લોકોમાં પહોંચે એ જ નવનીતનો ઉદ્દેશ્ય છે. આ ઉદ્દેશ્યને લઈને નવનીતે આ 'નવનીત જ્ઞાનોત્સવ'નું આયોજન કર્યું છે. અમે ઈચ્છીએ છીએ કે ગુજરાતના જ્ઞાની તેમજ સુસંસ્કારી વ્યક્તિઓ આ પુસ્તક-પ્રદર્શનનો અવશ્ય લાભ લે.

આજે માઉન્ટ કાર્મેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાશે

ગાંધીનગરના સે. ૨૧માં આવેલ માઉન્ટ કાર્મેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલનો વાર્ષિકોત્સવ તા. ૨૦મી ડિસેમ્બરે સવારે ૧૦ વાગે યોજાશે. આ વાર્ષિકોત્સવમાં 'પ્રેમધારા' સ્કૂલના પ્રણેતા શ્રીમતિ આશા પાંડિયન મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે. માઉન્ટ કાર્મેલ પ્રિ. પ્રાયમરી શાળાના આ વાર્ષિકોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે ગીફ્ટ ફ્રેમ ગોડ, મેજીક ઓફ વર્કસ, ઈન ધ આર્મ્સ ઓફ લવ, રંગોના ખજાના, હેવનબી બ્લીસ, નેચર-માય ટીચર, સચ્ચે હમ બચ્ચે કચ્ચે, ગોલ્ડન ગ્રોઈન્સ, લીફ ગ્રોઝ, વોકડ્રસ બ્યુટિઝ, મિસ્ટીકલ ટચ, સાઉન્ડસ ગીવજોય, મ્યુઝીકલ ફિનાલે અને લવ ઈઝ બોર્ન વગેરેનો સમાવેશ કરાયો છે. આ વાર્ષિકોત્સવમાં શાળાના બાળકોના વાલીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ વાર્ષિકોત્સવ શાળાના હોલમાં યોજાશે.

આજે સ્માર્ટ કિડ્ઝ નર્સરી સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગરના સે. ૧-એ માં આવેલ સ્માર્ટ કિડ્ઝ નર્સરી સ્કૂલનો વાર્ષિકોત્સવ તા. ૨૦મી ડિસેમ્બરે સાંજે ૫.૦૦ વાગે ટાઉનહોલ ખાતે યોજાશે. આ વાર્ષિકોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કચ્છ મિત્ર મંડળનો રવિવારે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

કચ્છ મિત્ર મંડળ ગાંધીનગર દ્વારા બાળકોનુંસરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૨૧મી ડિસેમ્બરના રોજ સવારે સાડા નવ વાગે ખીમજી વિશ્રામ હોલ કડી શૈક્ષણિક સંકુલ ગેટ નં. ૭ સેક્ટર-૨૩ ખાતે કરવામાં આવેલ છે. ગાંધીનગર સ્થિત પરંતુ કચ્છના વતની હોય તેવા તમામે હાજર રહેવા જણાવેલ છે. શ્રી એચ.કે. સાવલાના હસ્તે લઘુનિર્દેશિકાનુંવિમોચન કરવામાં આવશે.

હીરામણી સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરથી સરખેજ હાઈવે પર આવેલી હીરામણી સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ રમતોત્સવ તા. ૧૭થી ૧૯મી ડિસેમ્બર દરમ્યાન યોજાઈ રહ્યો છે. જેમાં ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતો જેવી કે કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, લાંબીકૂદ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ઊંચો કૂદકો, બરછી ફેંક, ગોળાફેંક તેમજ નાના બાળકો માટે લીંબુ ચમચી, કોથળા દોડ, વિગ્નદોડ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વાર્ષિક રમતોત્સવના પ્રારંભે પાકિસ્તાનના પેશાવરમાં આંતકવાદીઓના ઘાતકી હુમલામાં માર્યા ગયેલા બાળકો માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ રમતોત્સવમાં સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, સ્કૂલ ડાયરેક્ટર ડૉ. અંબુભાઈ પટેલ, ચીફ રેક્ટર ભગવતભાઈ અમીન, અંગ્રેજી માધ્યમના પ્રિન્સિપાલ નીતાબેન શર્મા, પ્રાયમરી પ્રિન્સીપાલ આશાબેન નાયક તેમજ ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ આશિષભાઈ મહેતા અને પ્રાયમરી તેમજ શિક્ષણગણે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આજથી ખાનપુરમાં બે દિવસીય તસવીરની તવારીખ પ્રદર્શનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજય લલિત કલા અકાદમી દ્વારા ભારતીય વિદ્યા ભવનના સંયુકત ઉપક્રમે ૨૦ ડિસેમ્બર શનિવારે ૧૦ વાગ્યાથી 'તસવીરની તવારીખ' નામે પ્રાચીન કેમેરા, ઐતિહાસિક અને પ્રયોગાત્મક તસવીરોનું પ્રદર્શન-દૃશ્ય, શ્રાવ્ય અને માધ્યમ સાથે તજજ્ઞોના વકતવ્યનુંઆયોજન કરવામાંઆવ્યુંછે. અમદાવાદના ખાનપુરમાં આવેલ ભવન્સ કોલેજ કેમ્પસમાં ભારતીય વિદ્યા ભવન ખાતે યોજાશે. જેનુંઉદઘાટન મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ કરશે. અધિક નિવાસી નાયબ કલેકટર રમેશભાઈ ઠકકર અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહેશે. મેયર મીનાક્ષીબેન પટેલ ઉપરાંત પીઢ ફોટોગ્રાફર સુરેન્દ્રભાઈ પટેલ, ખ્યાતનામ તસવીરકારો વિનુભાઈ શાહ, ચંદ્રકાન્ત ગજજર, શૈલેષ રાવલ, આનંદ પટેલ વગેરે તેમના વકતવ્યો રજુ કરશે. આ કાર્યક્રમનુંસંયોજન જાણીતા કલાકાર અને સંગ્રાહક ઘનશ્યામભાઈ ગઢવી કરશે. સંકલન જીગર રાણા દ્વારા કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન તા. ૨૦ અને ૨૧ ડિસેમ્બર સવારે ૧૦ થી સાંજના ૬ દરમિયાન ખુલ્લું રહેશે.

કડી કેમ્પસની વિદ્યાર્થીનીઓની શાહપુર ગામે એનએસએસ શિબિરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય સંકુલમાં આવેલ આર.જી. પટેલ માધ્યમિક અને એસ.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળાના વિદ્યાર્થીઓની ૧૧મી એનએસએસ શિબિર શાહપુર ગામે યોજાઈ હતી. આ શિબિરના ઉદઘાટન સમારોહમાં વિદ્યાર્થીનીઓએ શિબિરના ઉદ્દેશ 'સ્વચ્છતા અભિયાન' અને મહિલા સશકિતકરણને તાદૃશ્ય કરતું નાટક રજુ કર્યું હતું અને ગામ લોકોએ હર્ષથી તેને વધાવી લીધું હતું.

આ શિબિર ઉદઘાટન સમારોહમાં સર્વ વિદ્યાલય કેમ્પસના ડાયરેકટર સોમભાઈ પટેલ, એનએસએસ પ્રોગ્રામ કો ઓર્ડિનેટર રણછોડભાઈ રથવી, શાહપુર ગામના સરપંચ બાબુજી ઠાકોર, બ્રહ્માકુમારીઝ સંસ્થાના જયશ્રી દીદી, ગાંધીનગર તાલુકા સદસ્ય કાળાજી ઠાકોર, શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ, માધ્યમિક શાળાના આચાર્ય મુકેશભાઈ ભટ્ટ, વિદ્યાર્થીનીઓને રહેઠાણની સુવિધા પુરી પાડનાર મકાન માલિક હસમુખભાઈ પટેલ વગેરે સહીત શિક્ષક ગણ અને શિબિરમાં ભાગ લઈ રહેલી ૪૧ વિદ્યાર્થીનીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

રવિવારે સે-૨૧ના પંચશીલ પાર્કનું સ્નેહ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૨૧માં આવેલ પંચશીલ પાર્ક સોસાયટીના રહીશો દ્વારા તા. ૨૧મી ડિસેમ્બર રવિવારે સાંજે ૫ વાગે મહારાષ્ટ્ર ભવન ખાતે સ્નેહ સંમેલનનુંઆયોજન કરાયુંછે. આ સ્નેહ સંમેલનમાં સોસાયટીના સભ્યના બાળકોને ઈનામ વિતરણ કરાશે અને આ સંમેલનમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજુ કરાશે. આ સ્નેહ સંમેલનમાં સમુહ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખનો ચોથીએ સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૯

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર આયોજિત સ્નેહમિલન સમારંભ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૪થી જાન્યુઆરીના રવિવારે બ્રહ્મભવન સેક્ટર-૧૬માં બપોરે રાખેલ છે. જેમાં બ્રહ્મ બાળકોને બાળગીત, શ્લોક ગાવાના તેમજ ભજન, લોકગીત જુના ફિલ્મી ગીતો પોતાની અભિવ્યક્તિ રજુ કરવાની ઈચ્છા હોય તેમને ૩૧મી ડિસેમ્બર સુધીમાં પ્રમુખ શ્રીમતી પ્રતિભાબેન દવે અને મહામંત્રી જ્ઞાન દેવીબેન ઉપાધ્યાયે જણાવેલ છે.

શ્રીમતી આશાબેન ભટ્ટ ૯, તેજસ સોસાયટી, સે. ૨૩, ફોન નં. ૨૩૨૨૫૬૫૬, કુ. અંજનાબેન ગોર - ૧૨૫/૨, સે-૬-બી, મો. ૯૪૨૮૬ ૧૪૪૮૨, જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય - ૪૯૭/૨ સે-૫-એ ફોન નં. ૨૩૨૪૧૪૫૨, બ્રહ્મભવન સે. ૧૬, ફોન નં. ૨૩૨-૩૫૯૩૯ નામ નોંધાવવા જણાવેલ છે.

કામ ખોટા કોઇ દિ કરતો નથી, એટલે સાચો કદી ઠરતો નથી

પામ્યા તેને માપ્યું નહીંને
માપીને ના પામ્યા
માણ્યું તેનું ગાણું નહીંને
રહ્યું તેની ખંજવાળ
મન તું ભીતરને અજવાળ
વરસ્યું એથી વિશ્રામ નહીં ને
કોરાનો કચવાટ,
મળ્યું તેની મસ્તી નહિ ને
ખૂટ્યું તેનો કકળાટ
મન તું ભીતરને અજવાળે

(વસંત પરીખ)

આ સંસારમાં જન્મ લેનાર દરેક માનવીની લગભગ બે મહત્ત્વાકાંક્ષા હોય જ છે, એક તો પૈસાદાર થવાની અને બીજી લોકપ્રિય થવાની. આ પારસમણિ જેવાં બે સ્વપ્નો સાકાર કરવા માનવી આખી જિંદગી સતત સંઘર્ષ કરતો રહે છે.

આકાશના ચાંદ-સિતારા જેવું ઝળહળતું સ્થાન મેળવવા માટે સૌ કોઇ થનગનતા હોય છે. લોકોના હૃદયકુંજમાં સ્થાન મેળવવા બધા જ પ્રયત્નશીલ હોય છે.

આપણી આસપાસથી માંડીને વિશ્વફલક સુધી એવી ઘણી વ્યક્તિ હોય છે કે જે ખૂબ જ લોકપ્રિય હોય, સફળ હોય, જેને વારંવાર મળવાનું ગમતું હોય, જેને મળવાથી ખુશ થઇ જવાય, જેના પ્રત્યે કોઇ સારી ભાવના કે પ્રેમ જાગૃત થઇ ઉઠે, જેની એક ઝલક મેળવવાની કે તેની સાથે વાતચીત કરવાની તક મળે તો ધન્ય ધન્ય થઇ જવાય! જેની સાથે મિત્રતા કે ઓળખાણ હોવી ગૌરવ ગણાતું હોય!

સંત હોય, નેતા હોય, અભિનેતા હોય, લેખક હોય, કવિ હોય કે પછી કલાકાર હોય દરેક પોતાની લોકપ્રિયતા અકબંધ રાખવા માટે પ્રયત્નશીલ હોય છે.

આ માટે તેમણે 4 D (ચાર ડી) પર ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. Dream, Defermination, Dicision, Dedication લો પ્રોફાઇલ કે સાવ સામાન્ય લાગતી વ્યક્તિ, મિત્ર કે બહેનપણી કઇ રીતે અસામાન્ય બની તેની મિત્રોમાં ચર્ચા ચાલતી હોય છે. જો તેના જીવનનો, તેના વર્તનનો, અભ્યાસ કરવામાં આવે તો ખ્યાલ આવે કે તેમાં કયા કયા ગુણો છે.

D કે Dream : (સ્વપ્ન)

સૌ પ્રથમ તો આવી વ્યક્તિ પાસો ચોક્કસ ઉદ્દેશ હોય છે. એક સ્વપ્ન હોય છે, એક મંઝિલ હોય છે,

મંઝિલે ઉનકો મિલતી હૈ
જિનકે સપનોમેં જાન હોતી હૈ,
સિર્ફ પરોં સે કુછ નહિં
હોતા, હૌંસલો સે ઉડાન હોતી
હૈ.

સ્વપ્ન જોવાય છે સાકાર કરવા માટે. રાત હોય છે સ્વપ્નો જોવા માટે ને દિવસ હોય છે જોયેલા સ્વપ્નોને સાકાર કરવા માટે. શરત એ પણ છે કે હિંમતવાન જ સપનાં જોઇ શકે છે. સપનાં જોવા એટલે ધ્યેય નક્કી કરવું. સપના જોવા એટલે મંઝિલ નક્કી કરવી. સપના જોવા એટલે સફળતા મેળવવા કટિબદ્ધ બનવું.

D ફોર Defermination : (દૃઘ નિર્ધાર)

સફળ માણસોમાં કટિબદ્ધતાનો ગુણ મોખરે હોય છે. ધારેલ કાર્ય માટે કટિબદ્ધ હોવું. જેટલું સંકલ્પબળ હશે તેટલી સફળતા નજદીક હશે. દૃઢ નિર્ધાર જ ગમે તેવી મુશ્કેલી અને તોફાનોનો સામનો કરવા શક્તિ આપે છે. વ્યક્તિત્વ પહાડ જેવું વિશાળ અને મક્કમ હોય. ઢીલા પોચા કે દહીં દૂધ બંનેમાં પગ રાખનારનું અહીં કામ નહીં. માત્ર દરિયાકિનારે છબછબિયા કરવાથી શું વળે? મધદરિયે જઇ શકો તો જ અને તે માટે મક્કમતા કેળવી જ રહી.

છીછરા નીરમાં હોય શું ન્હાવું
ન્હાવા તો મઝધારે જાવું

D ફોર Dicision : (નિર્ણય)

જિંદગીના વળાંકો અગત્યનો ભાગ ભજવે છે. જિંદગીનો એક નિર્ણય ખોટો તો ખોટો આખ્ખો દાખલો. ગણિતનાં દાખલાની રકમ કદાચ સુધારી શકાય પરંતુ જિંદગીમાં... હશે તેટલો સફળતાનો માર્ગ મોકળો દેખાશે. બધું જ હોવા છતાં નિર્ણય લેવાની શક્તિના અભાવે ઘણી સારી અનુભવી વ્યક્તિઓ સફળતાથી વંચિત રહે છે. આપણે જે કાંઇ કાર્ય શરૂ કરીએ છીએ તે નિયત સમયે, નિર્ધારીત રીતે પૂરું કરવા નિર્ણય શક્તિ ખૂબ જ જરૂરી છે.

ઝડપથી નિર્ણય લેવાની શક્તિ એ સફળતા તરફ દોરી જતો પ્રભાવશાળી રાજમાર્ગ છે.

D ફોર Dedication : (સમર્પણ)

કામને સમર્પિત થવું. પોતાનું બધું જ દઇ દેવું, તારું બધું જ હોય તો છોડીને આવતું. સુખનો ત્યાગ કરીને મંઝીલને માટે સમર્પણ કરવું એ સફળતાનો રાજમાર્ગ છે. તન-મન અને ધનથી સમર્પિત થવું - રસપૂર્વક તેના મય બની જવું, અદ્‌ભૂત પરિણામો આપી શકે છે. પ્રલોભનો છોડીને, રાત-દિવસ, બસ નક્કી કરેલા ધ્યેયની પાછળ પડી જવું. લગે રહો... બસ લગે રહો... હન્ડ્રેડ પર્સન્ટ ડેડીકેશન જ હન્ડ્રેડ પર્સન્ટ રિઝલ્ટ આપી શકે.

બધું જ હોય પણ સમર્પણની ભાવના ન હોય તો સફળતા મળી શકતી નથી. સમર્પણ દરેક જગ્યાએ જરૂરી છે. સમર્પણ એ એવો ગુણ છે જે હકારાત્મક અભિગમ સાથે જીવન જીવવાનો માર્ગ નક્કી કરી આપે છે. સ્વેટ મોર્ડન કહે છે તેમ વિજય મેળવવા ઇચ્છનારે જો સમર્પણના ભાવ સાથે કામકાજ કરે તો સફળતા માત્ર વેંત જ દૂર હોય છે.

આપણી આગવી ઓળખ ઊભી કરવા માટે જરૂરી છે કે આપણે એક ઉદ્દેશ શોધી લેવો જોઇએ અને તે ઉદ્દેશને મેળવવા માટે દૃઢ સંકલ્પ અને ત્વરિત નિર્ણયો લેવા જોઇએ. સમર્પણ ભાવ સાથે કરેલ કાર્યને સફળ થયે જ છૂટકો.

(શીર્ષક પંક્તિ : સલીમ શેખ, 'સાલસ' મોડાસા)

મિસરી :

ઇશ્વર
આપણને સૂરજ આપે છે,
પણ આપણી પાસે
પોતાનો દીવો પણ
હોવો જોઇએ

(SMS - રાજેન્દ્ર ઉપાધ્યાય, ન્યુ ઇરા હાઇસ્કૂલ, વડોદરા)

અદબ પલાઠી મોં પર આંગળી

- ડો. સંતોષ દેવકર